## પાલનપુરમાં પાકીસ્તાન- શ્રીલંકા મેચ ઉપર સટ્ટો રમાડતો સટોડીયો ઝડપાયો



બનાસકાંઠા જિલ્લાની એસીબી પોલીસ અને પેરોલ ફલો સ્કોડની ટીમે પાલનપુર શહેરમાંથી બાતમીના આધારે પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા શખસને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઈસમની અટકાયત કરી મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરમાં પેરોલ ફલો સ્કોડ અને એલસીબી પોલીસને ખાનગી રાહે મળેલી બાતમી હકીકતના આધારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેડ કરી નીરવ ઉર્ફે પપ્પુ મુકેશભાઈ ઠક્કરને ઝડપી પાડ્યો હતો.તે શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી ક્રિકેટ ટેસ્ટ સીરીઝ મેચ પર લેપટોપ, ફોનમાં બનાવેલા આઈડી દ્વારા ક્રિકેટ સટ્ટા બેટીંગ ઓવર દીઠ ભાવ મૂકી પૈસાથી ગ્રાહકોની હારજીતની પ્રવૃત્તિ કરી જુગાર રમાડી રહયો હતો. જેમાં એક લેપટોપ ૩ મોબાઈલ તેમજ જુગારની સામગ્રી મળી કુલ ૩૮,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશન ખાતે તેના વિરોધમાં જુગારધારા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાલનપુરના નળાસરના યુવકને છેતરનારી લૂંટેરી દૂલ્હન- બે શખ્સોને બે દિવસના રિમાન્ડ



પાલનપુર તાલુકાના નળાસર ગામના યુવકના યુવક પાસેથી નાણાં લીધા પછી મૈત્રી કરાર કરી નાસી જનારી લૂંટેરી દૂલ્હન, એજન્ટ અને વચેટીયાને ઝડપી લેવાયા હતા. જેમને રવિવારે કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવાયા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર તાલુકા પીએસઆઇ એ. કે. દેસાઈ સહિત ટીમે પાલનપુર તાલુકાના નરાસળ ગામના ભાવેશભાઈ અમરતભાઈ ચૌહાણ (દરજી) પાસેથી રૂપિયા ૧,૭૦,૦૦૦ લઈ મૈત્રી કરાર કરનારી લૂંટરી દુલ્હન સુરેખાબેન રામકૃષ્ણ ક્ષત્રિય, એજન્ટ હૈદરઅલી ઉર્ફે એઝાઝ કાઝી અને વચેટીયા શૈલેષભાઈ રામાભાઈ ઓડને પંચમહાલ જિલ્લાના હાલોલ તથા કાલોલ ખાતે જઈ ઝડપી લીધા હતા. જેમને રવિવારે કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જ્યાં ન્યાયાધીશે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

## લંપી વાયરસ ના કહેરે એ ધાનેરા મગરાવા ગામે ૨૦૦ કરતા વધુ પશુઓને લીધા ઝપેટમાં



લંપી વાયરસ એ ગુજરાત ની સાથે બનાસકાંઠામાં પણ કહેર મચાવ્યો છે .ત્યારે ધાનેરા ના મગરાવા ગામે મોટા પ્રમાણ માં પશુઓ વાયરસ ની ઝપટ માં આવ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, હાલ સરકારી આંકડા મુજબ ૨૦૦ કરતા વધુ પશુઓ માં લક્ષણો છે. ગામ લોકો ની વાત માનીએ ૫૦૦ જેટલા પશુઓ માં લંપી વાયરસ છે. હાલ પશુ વિભાગ ની ૫ કરતા વધુ ટિમ સર્વે અને સારવાર માં જોડાઈ છે. આ વિસ્તાર માં શંકર ગાય માં રોગ ના લક્ષણ વધુ જોવા મળી રહ્યા છે. ત્યારે ભેંસો માં પણ આ વાયરસ એ દેખા દીધા છે આ જ ગામમાં ચાર કરતા વધુ પશુઓ ના મોત થયા નું સરકારી ચોપડે નોંધાયો છે. ત્યારે સ્થાનિકો વધુ પશુઓ મોત થયા ની વાત કરી રહ્યા છે બીજી તરફ દવા ની સાથે દેશી ઉપચાર પણ પશુપાલક કરી રહ્યા છે આજે એક એક પશુ ૬૦ હજાર કરતા વધુ કિંમત નું હોવાથી પશુપાલક પર આભ તૂટી પડ્યું છે.

## મોડાસા બી.બી.એ. કોલેજમાં પ્રવેશત્સવ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો







ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ. કોલેજ, મોડાસામાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને આવકારવામાં આવ્યા Know Your College (KYC) અંતર્ગત કોલેજ પ્રવેશોત્સવ ઉજવણી તથા નેશનલ ગ્રીન કોપ્સ'' ઈકો કલબ ''ગીર ફાઉન્ટેશન'' ના સયુકત ઉપક્રમે વૃક્ષારોપણ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. જેમાં મંડળના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ વિધાર્થીઓને વૃક્ષોની ઉપયોગિતા તથા જતન અંગે માર્ગદર્શન આપી માહિતગાર કાર્ય હતા અને કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ ને ૫૦ કરતા વધુ રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં વિધાર્થીઓએ ઉત્સહાભેર ભાગ લીધો હતો. અને વૃક્ષના જતન માટે શપથ લીધા હતા. The Centre for Entrepreneurship Development ના પ્રોજેકટ લીડર ડૉ. ચિરાગભાઈ રાઠોડ એ **B.B.A.** કોર્ષ પૂર્ણ કાર્ય બાદ ઉભી થતી રોજગારીની વિવિધ તકો વિષે માહિતી આપી અને પોતાનો નવો **BUSINESS** શરુ કરવા એવી તમામ માહિતી પૂરી પડી. **.B.A.SEM 1** માં પ્રવેશ મેળવનાર દરેક વિધાર્થીઓને કોલેજ પરીવાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. કોલેજ અને સરકાર દ્વારા ચાલતી વિવિધ અંગે ડૉ. તુષારભાઈ ભાવસારએ વિધાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિધાર્થીઓને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે ઓસા, ગ્રંથાલય, ઈન્ટસ્ટ્રઝ કલબ., સ્પોર્ટસ વગેરે અંગે સંબંધીત વિભાગના ઈન–ચાર્જ અધ્યાપકશ્રીઓએ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે માંનાઘ્માંત્રીશ્રી રમેશભાઈ શાહ તથા પ્રમુખશ્રી નવીનચંદ્ર આર. મોદી દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી સમગ્ર કાર્યક્રમ સંચાલન પ્રા. દીપિકાબેન ઈશરાનીએ કર્યું હતું

**પાણીદાર બનતો જુલાઈ મહિનો, જળાશયોમાં સરેરાશ ૩૨ ટકા જથ્થો**

# જિલ્લાના જળાશયોમાં ૨૫ દિવસમાં પાણીની ધીંગી ૨૦ ટકા આવક

**ખેડવા જળાશયમાં સૌથી વધુ ૪૨ ટકા, વૈડીમાં ૩૯ ટકા, હરણાવ-૨ માં ૨૫ ટકા આવક**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૬

જુલાઈના આરંભ પહેલાં વરસાદની ઘટથી ચિંતા હતી પરંતુ જુલાઈ મહિના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ધરતી માટે પાણીદાર મહિનો બન્યો છે. ૨૫ દિવસમાં જળાશયોમાં સરેરાશ ૨૦ટકા ધીંગી આવક નોંધાઈ છે જેના કારણે હાલ જળાશયોમાં સરેરાશ ફ૨.૦૭ ટકા પાણીનો જથ્થો છે. ખેડવા જળાશયમાં સૌથી વધુ ૪૧.૯૦ ટકા, વૈડીમાં ૩૯.૨૫ ટકા પાણીની આવક નોંધાઈ છે.

ચોમાસુ સમૃદ્ધ તો ખેતીને શિયાળ, ઉનાળુ સીઝનમાં સિંચાઈ માટે પાણી મળતું હોય છે. આ વર્ષે જુલાઈના આરંભ પહેલાં અનેક ચિંતાઓ જોવા મળી હતી. ચોમાસુ નબળું રહે તો ખેડૂતો પાયમાલ બની જાય તેવી દહેશત હતી પરંતુ જિલ્લાના આરંભ સાથે આકાશમાંથી કુદરતે કાચું સોનું વરસાવ્યું હોય તેમ કુદરતે પાછલા ૨૫ દિવસ દરમ્યાન સરેરાશ ૨ થી ૯ ઈંચ વરસાદ વરસતાં અને રાજસ્થાનના ઉપરવાસમાં સારા વરસાદથી જળાશયોમાં પાણીની આવક નોંધાઈ રહી છે. એક તબક્કે જૂનના અંતમાં જિલ્લાના જળાશયોમાં માંડ ૧૫ ટકા જેટલો પાણીનો જથ્થો હતો અત્યારે ૨૫ જુલાઈએ જિલ્લાની સ્થિતિએ જળાશયોમાં ૩૨.૦૭ ટકા એટલે કે બમણો પાણીનો જથ્થો નોંધાયો છે. જળાશયોમાં પાણીની સારી આવકના કારણે જિલ્લાના મુખ્ય ૧૧ જળાશયો આસપાસ હજારો બોરકુવા રીચાર્જ થવાની શરુઆત સાથે જળસ્રોત પણ ઉંચકાઈ રહ્યા છે. હજુ જુલાઈ મહિનાના અંતિમ સપ્તાહમાં અતિભારે વરસાદની આગાહી છે તે જોતાં ધોધમાર વરસાદ વરસે તો ઑગષ્ટના પ્રથમ પખવાડીયા સુધીમાં જિલ્લાના અનેક જળાશયોમાં ૫૦ ટકા થી વધુ પાણીનો જથ્થો સંગ્રહીત થવાની સંભાવના દેખાઈ રહી છે.



જિલ્લાના જળાશયોમાં પાણીની સ્થિતિ

| જળાશય | તા. ૨૫ જુલાઈ ટકાવારી | તા. ૧ જુલાઈની સ્થિતિ |
|---|---|---|
| વાત્રક | ૨૩. ૭૦ ટકા | ૧૪.૯૭ ટકા |
| ગુહાઈ | ૧૧.૧૭ ટકા | ૦૭.૧૫ ટકા |
| માઝૂમ | ૪૦.૩૧ ટકા | ૨૦.૦૦ ટકા |
| હાથમતી | ૧૩.૯૧ ટકા | ૦૪.૯૨ ટકા |
| લાંક | ૨૦.૧૦ ટકા | ૦૫.૦૨ ટકા |
| હરણાવ-૨ | ૪૮.૪૪ ટકા | ૨૨.૯૫ ટકા |
| મેશ્વો | ૩૬.૪૨ ટકા | ૧૪.૫૬ ટકા |
| વૈડી | ૫૧.૪૨ ટકા | ૧૨.૧૭ ટકા |
| ખેડવા | ૫૪.૦૨ ટકા | ૧૨.૧૨ ટકા |
| વરાંસી | ૧૯.૧૯ ટકા | ૦૪.૩૯ ટકા |
| ગોરઠીયા | ૩૩.૮૬ ટકા | ૧૨.૨૯ ટકા |

**હાઈવેની ફટીચર હાલતથી અકસ્માતોનું જોખમ વધ્યું**

# હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવેમાં ટેક્ષ ઉઘરાવવામાં પાવરધું તંત્ર ખાડા પૂરવામાં નાદાર

**મસ મોટા ખાડા ટાળવા સર્પાકારે પસાર થતાં વાહનો**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૬

હિંમતનગર-શામળાજી ફોરલેન હાઈવે પર વાહન ચાલકો પાસેથી ટેક્ષ ઉઘરાવવામાં પાવરધું તંત્ર ચોમાસામાં હાઈવે ઉપર પડેલા મસ મોટા ખાડા પૂરવામાં નાદાર બન્યું છે. ભયજનક ખાડા ટાળવા માટે વાહનો સર્પાકારે પસાર થતાં હોવાથી અકસ્માતનું જોખમ વધ્યું હોવા છતાં હાઈવે ઓથોરીટી ખાડા પૂરવા માટે ઉદાસ રહેતાં વાહન ચાલકોમાં રોષ ફેલાયો છે.

જિલ્લામાં ચોમાસાના આગમન સાથે રોજ હજારો વાહનોની અવર જવરથી ધમધમતા હિંમતનગર-શામળાજી ફોરલેન નેશનલ હાઈવેની હાલત બિસ્માર બની છે. હાઈવને સિકસલેનમાં ફેરવવાની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. જેના કારણે હાઈવે હાદસાનો હાઈવે બની રહ્યા પછી હવે વરસાદ બાદ ઠેકઠેકાણે હાઈવે ઉપર ભયજનક ગાબડાં પડી ગયાં છે. છેલ્લા ૨૦ દિવસથી તંત્રને મસમોટા ખાડા પૂરવાનો સમય ન હોવાથી માર્ગ અકસ્માતો સર્જાઈ રહ્યા છે. હિંમતનગર-શામળાજી હાઈવે ઉપરથી પસાર થતા વાહન ચાલકો પાસેથી ટેક્ષના રુપમાં હાઈવે ઓથોરીટી રકમ વસુલી રહી છે પરંતુ હાઈવેનું સમારકામ કરવામાં રાખવામાં આવતી ઉદાસીનતા વાહન ચાલકોને જીવના જોખમમાં મૂકી દીધા છે. હાઈવે ઉપર ઠેકઠેકાણે ભયજનક ખાડા હોવાના કારણે પસાર થતા વાહન ચાલકો ખાડા ટાળવા માટે સર્પાકારે વાહનો હંકારી રહ્યા છે જેના કારણે ગમખ્વાર અકસ્માત થવાની સંભાવના વધી છે. વરસાદમાં ફોરલેન હાઈવેની ફટીચર હાલત થઈ હોવા છતાં જવાબદાર તંત્રને ગાબડાંમાં માટી પૂરવાનો પણ સમય ન હોવાથી વાહનો કુદકા મારતાં રોડની સાઈડમાં ઉતરી જતાં હોય છે. ખાડામાં પટકાઈ અનેક વાહનો માર્ગ વચ્ચોવચ્ચ ખોટકાઈ પડતાં હોવાના કારણે હાઈવે વિસ્તારમાં ટ્રાફીક નિયમન પણ અવરોધાઈ જતો હોવાથી વાહન ચાલકો માટે ચોમાસામાં ફોરલેન હાઈવે મુસીબતનો હાઈવે બની ગયો છે. જયારે આડેધડ અપાયેલા ડાયવર્ઝનના કારણે પણ અકસ્માતો વધી ગયા છે. જેથી આગામી સમયમાં હાઈવે ઓથોરીટી દ્વારા ખાડાનું પુરણકામ કરવામાં નહીં આવે તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.



**નેશનલ હાઈવેમાં ૧૦૦૦થી વધુ ખાડાઓનું સામ્રાજ્ય..**

હિંમતનગર-શામળાજી-ચિલોડા નેશનલ હાઈવે ઉપર વાહન ચાલકો પાસેથી તગડો ટેક્ષ વસુલવામાં આવે છે. ઉનાળાના મધ્ય ભાગથી શરુ થઈ અત્યારે ચોમાસા દરમ્યાન નેશનલ હાઈવે ઉપર ૧૦૦૦થી વધુ ખાડાઓનું સામ્રાજ્ય છે પરંતુ હાઈવે ઓથોરીટીએ ખાડા પૂરવાનો વિવેક દર્શાવ્યો નથી. ખાડાઓમાં વાહનો પટકાતાં વાહનોમાં નુકસાની વધી છે અને અનેક નાના વાહન ચાલકોનાં હાડકાં ખોખરાં થઈ રહ્યાં છે.

## મોડાસાની ધી બ્રહ્મર્ષિ કો.ઓ.સો.લી ડીરેકટર પદની સામાન્ય ચૂંટણી સમરસ જાહેર

**૨૨૮૪ સભાસદો ધરાવતી ૨૫ વર્ષ જૂની મંડળી બિનહરીફ થતા સમાજ મા સર્વત્ર આનંદ**

મોડાસા,તા. ૨૬

અરવલ્લી જીલ્લા ના મુખ્ય મથક મોડાસા શહેર મા આવેલી ૨૫ વર્ષ થી નામાંકિત ધી બ્રહ્મર્ષિ કો.ઓ. સોસાયટી ની જાહેર થયેલ ડીરેકટર ની સામાન્ય ચૂંટણી મા સામાન્ય પુરુષ ની ૧૨ ,મહિલા માટે ૨ અને અનુસુચિત જનજાતિ ની ૧ સીટ માટે કુલ ૨૮ ઉમેદવારો એ દાવેદારી કરી હતી જેમા સામાન્ય પુરુષ માટે કુલ ૨૩ ફોર્મ ભરાયા હતા જેમા ૩ ફોર્મ ટેકનીકલ કારણોસર રદ થતા ૨૦ ફોર્મ માન્ય થયા હતા જ્યારે મહિલા વિભાગ મા ૪ ઉમેદવારો માન્ય થર્યા હતા જ્યારે અનુસુચિત જનજાતિ માટે માત્ર એક ફોર્મ ભરાતા ચૂટણી અધિકારી હરિહર પ્રસાદે અ.જ.જા ઉમેદવાર બિનહરીફ ચૂટાયેલ જાહેર કરેલ. પુરુષ ડીરેકટર માટે ૨૦ અને મહિલા ડીરેકટર માટે ૪ ઉમેદવારો રહયા હતા યુવા ઉમેદવારો અને પૂર્વ ડીરેકટરોએ એ પણ ચૂટણી મા ઝંપલાવતા ચૂંટણી રસપ્રદ બની હતી . સામાન્ય પુરુષ ની ૧૨ અને મહિલા વિભાગ ની ૨ સીટ માટેની ચૂંટાણી મા ઉમેદવારી ફોર્મ પરત ખેચવાની ૨૫ તારીખે બ્રહ્મ સમાજ ના અગ્રણીઓ અને ડીરેકટરોએ પોતાની કોઠાસુઝ થી ઉમેદવારો ની એકસુત્રતા રાખી સમાજ ની એકતા અખંડિત રહે તે હેતુ થી ૮ ઉમેદવારો એ પોતાના ઉમેદવારીપત્ર પરત લેતા ચૂટણી અધિકારીએ ડીરેકટર પદ ની સમગ્ર ચૂંટણી બિનહરીફ જાહેર કરેલ.મોડાસા ની પ્રતિષ્ઠીત ધી બ્રહ્મર્ષિ કો.ઓ.સો.લી ની સામાન્ય ડીરેકટર ની ચૂટણી સમરસ થતા અરવલ્લી જીલ્લા બ્રહ્મ સમાજ અને સભાસદો મા આનંદ ની લાગણી છવાઈ ગઈ હતી. મંડળી ના સૌ બિનહરીફ ચૂંટાયેલ ડીરેકટરોએ ઉમેદવારી પરત લઈ સમાજ ની એકતા ના દર્શન કરાવનાર ઉમેદવારો, પૂર્વ ડીરેકટરો અને સમાજ ના સૌ અગ્રણીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો. ધી. બ્રહ્મર્ષિ કો.ઓ.સો.લી ની ચૂંટાયેલ ટીમ લિંભોઈ ના પૂર્વ સરપંચ અને અગ્રણી હિતેન્દ્ર ભાઈ જોષી, રાજુભાઈ ઉપાધ્યાય, જાણીતા ધારાશાસ્ત્રી પ્રદીપભાઈ ઉપાધ્યાય, અખિલ હીન્દ ત્રિવેદી મોડાસા વિભાગ ટ્રસ્ટ ના પ્રમુખ ભદ્રેશ ભાઈ ઉપાધ્યાય, કેતનભાઈ ત્રિવેદી, કમલેશભાઈ ત્રિવેદી (લિંભોઈ), રીકુ ત્રિવેદી, રુષભ ઉપાધ્યાય એ શુભકામનાઓ પાઠવી હતી.આ સમગ્ર ચૂંટણી પ્રકિયા મા ચૂંટણી અધિકારી શ્રી હરીહર પ્રસાદ ભટ્ટે પારદર્શક રીતે કામગીરી કરી હતી.




## પીપલોદી પાસે રાત્રે અજાણ્યા ટેલરે ટક્કર મારતાં રાહદારીનું મોત

**અજાણ્યા મૃતકની ઓળખ માટે પોલીસ દોડતી થઈ**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૬

હિંમતનગર તાલુકાના પીપલોદી બસ સ્ટેન્ડ નજીક રાત્રે પૂરપાટ ઝડપે પસાર થતા અજાણ્યા ટેલરટ્રકના ચાલકે રાહદારી અજાણ્યા પુરુષને ટક્કર મારી મોતને ઘાટ ઉતારી નાખતાં અરેરાટી વ્યાપી હતી. બનાવ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે અજાણ્યા મૃતકની ઓળખ માટે તપાસ શરુ કરી છે.



માર્ગો ઉપર વાહનો યમદૂત બનીને દોડવા લાગ્યાં છે. રસ્તે જતા રાહદારીઓ વાહનોની હડફેટમાં કાળનો કોળીયો બની રહ્યા છે. હિંમતનગરના પીપલોદી પાસે તા.૨૩ ના રોજ અજાણ્યો પુરુષ રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો જે દરમ્યાન કોઈ ટ્રેલર ચાલકે ટક્કર મારી ફંગોળી નાખતાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. જ્યારે રાહદારીને મોતને ઘાટ ઉતારી અજાણ્યા ટ્રેલરચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે જીગર મુકેશભાઈ નાયકની ફરિયાદના આધારે હિંમતનગર એડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપી ટેલરચાલકની શોધખોળ શરુ કરી છે.



પ્રાંતિજ સહિત તાલુકામા મેઘરાજા મહેરબાન થતા દિવસ દરમ્યાન વરસાદી ઝાપટા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મજરા, તાજપુર કુઈ, કમાલપુર સહિત ના અંડર બ્રીજ નીચે પાણી જવાનો નિકાલના હોવાથી પાણી ભરતા વાહન ચાલકો પરેશાન નજરે ચડે છે...

## પાડોશી દેશોમાં ભારતની આવી શાખ આઝાદી પછી પહેલીવાર બની છે!!

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???**

કેટલાક મહિનાઓ અને ખાસ કરીને કોરોનાના વિપરિત કાળ પછી વૈશ્વિક સમીકરણો અને જે તે રાષ્ટ્રની શાખમાં વધઘટ થઈ છે તે આપણે સૌ જાણીએ છીએ!! ભારત માટે એ બહૂજ સારી વાત લેખાય કે કોરોના પછી ઉત્તરોત્તર ભારતની છબી સુધરતી ગઈ તેમાં વધારો થતો ગયો અને સાથે સાથે અમેરિકા, ચીન, પાકિસ્તાન જેવા દેશોની છબી ખરડાતી ગઈ તે હકીકત છે.

કોરોના વેકસીન થકી ભારત વિશ્વમાં છવાઈ ગયું તો યુક્રેન-રશિયા યુદ્ધમાં ભારતની તટસ્થ ભૂમિકાએ ભારતની શાખ વધારી છે જ્યારે ચીનની મતલબી અને સ્વાર્થીનીતિ દુનિયા સમક્ષ ખુલી પડી ગઈ. ચીન એશિયા તેમજ આફ્રિકાના નાના નાના દેશો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યું હતું ત્યારે ભારત સતત ઊંઘી રહ્યું હતું... પરંતુ મોદીજીએ સત્તાના સૂત્રો સંભાળ્યા પછી ભારતના પાડોશી દેશોને વિશ્વાસમાં લેવાનું શરૂ કર્યું!! નેપાળ, પાકિસ્તાન, શ્રીલંકા, ભૂતાન, બાંગ્લાદેશ, બર્મા જેવા દેશો ઉપર ચીનનું પ્રભુત્વ વધી ગયું હતું અને ત્યારે ૧૦ વર્ષ મનમોહનસિંહની સરકાર હતી, તેમને અંધારામાં રાખી ચીન ભારતના પડખે રહેલા દેશોમાં પોતાનો મજબૂત પગદંડો જમાવી રહ્યું હતું... ખરેખર આ ત્યારની યુપીએ સરકારની નબળી વિદેશનીતિનું પરિણામ હતું!!

ભારતના તમામ પાડોશી દેશો ચીનના સંકજામાં આવી ગયા હતા અને આજે તેઓ લગભગ કંગાળ પણ થઈ ગયા. નેપાળની પ્રજાએ બળવો કરી ચીનની પડખે બેસી ગયેલા નેતૃત્વને ઉખાડી ફેંક્યું અને ફરીથી નેપાળ ભારતની નજીક સરકવા લાગ્યું... અફઘાનિસ્તાનમાં પણ તાલિબાન સરકાર આવ્યા પછી તે પહેલાથી પણ વધુ ભારતની નજીક આવ્યું. ભારત માટે આ મોટી કામયાબી છે!! મોદીજીએ સત્તામાં આવતાની સાથે પાડોશી દેશો સાથેના સંબંધો સુધારવાની શરૂઆત કરી અને આજે તમામ પાડોશી દેશ ભારત નજીક આવી રહ્યા છે. હાલમાં જ અફઘાનની તાલિબાન સરકારે પોતાના દેશમાં સર્વે કરાવ્યું તો ત્યાંની જનતાને સૌથી વિશ્વસનીય અને મિત્ર દેશની યાદીમાં ભારતને ટોપનું સ્થાન મળ્યું, અફઘાનના ૭૦% લોકોની પસંદ ભારત રહી...

શ્રીલંકાની અસ્થિરતા ભરી પરિસ્થિતિમાં ભારત તેની વ્હારે આવ્યું અને ભારત આજે શ્રીલંકાનું મસીહા બની ગયું. શ્રીલંકન લોકોનો ભારત તરફનો આખો દ્રષ્ટિકોણ જ બદલાઈ ગયો અને તેનો શ્રેય મોદીજીને જ આપવો રહ્યો!! શ્રીલંકાનો બુદ્ધિજીવી વર્ગ અને ત્યાંની જનતા આજે શ્રીલંકાની સરકારને ભારતને તાબે થવાનું દબાણ કરી રહી છે જે એક વખતના માટે ચીન જોડે ગીરવે મુકાઈ ચુકી હતી... એવું પણ જાણવા મળે છે કે ત્યાંની જનતા એવું પણ બોલતી થઈ છે કે ખરેખર શ્રીલંકાએ એક રાજ્ય તરીકે ભારત દેશમાં ભળી જવુ જોઈએ!! ભલે આ વાત શક્ય નથી પરંતુ ભારત દેશ માટે જે માનસિકતા લંકામાં બની છે તે અભૂતપૂર્વ છે. એક દ્રઢ મનોબળ અને નિષ્ઠાવાન નેતૃત્વ ગજબનું પરિવર્તન દેશ-વિદેશમાં જરૂર લાવી શકે છે અને તેનું બેસ્ટ દ્રષ્ટાંત એટલે આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી!!!

## અકસ્માતમાં મોતને ભેટેલા બનાસકાંઠા જિલ્લાના પોલીસ કોન્સટેબલના પરિવારને રૂપિયા ૬૦ લાખ વળતર ચૂકવવા આદેશ...

**બનાસકાંઠા પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ ન્યાયાધીશનો આદેશ**

પાલનપુર તા.૨૬

ડીસાના ભીલડી પોલીસ મથકના કોન્ટેબલનું પાંચ વર્ષ અગાઉ માર્ગ અકસ્માતમાં મોત થયું હતુ. આ અંગે પરિવારજનોએ વળતર માટે કોર્ટમાં દાવો કર્યો હતો. જેમાં બનાસકાંઠા જીલ્લા પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ ન્યાયાધીશે વિમા કંપનીને મૃતકના વારસદારોને વ્યાજ સાથે રૂપિયા ૬૦ લાખ ચૂકવવા આદેશ કર્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

ડીસા તાલુકાના ભીલડી પોલીસ મથકમાં ફરજ બજાવતાં કોન્સટેબલ કલ્પેશજી વાઘાજી ઠાકોર તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ કાર નં. જીજે. ૦૮. આર. ૯૫૪૭માં સરકારી કામેથી રાજસ્થાનના ભરતપુરથી પરત આવી રહ્યા હતા. ત્યારે માર્ગમાં અજાણ્યા ટ્રક ચાલકે કારને ટક્કર મારી હતી. જેમાં કલ્પેશજીનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ.

આ અંગે તેમના વારસદારોએ વળતર માટે કોર્ટમાં દાવો કર્યો હતો. દરમિયાન આ કેસ કોર્ટમાં ચાલી જતાં બનાસકાંઠા પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ ન્યાયાધીશ એચ. ડી. સુથારે અરજદારના વકીલ રાકેશકુમાર એ. રાવલની દલીલો ગ્રાહ્ય રાખી મૃતકના વારસદારોને વ્યાજ સહિત રૂપિયા ૬૦,૦૦,૦૦૦ ચૂકવવા વિમા કંપનીને આદેશ આપ્યો હતો.

## બનાસકાંઠા જિલ્લાના વિરમપુરમાં પ્રસુતિ વખતે બાળકનું માથું ફસાઈ ગયું

**૧૦૮ની ટીમે કાંગારુ મધર કેરથી બંનેનો જીવ બચાવ્યો**

પાલનપુર તા. ૨૬

અમીરગઢ તાલુકાના વિરમપુર સરકારે હોસ્પિટલમાં એક મહિલાને પ્રસુતિ વખતે બાળકનું માથું ફસાઈ ગયું હતું. જ્યાં પહોંચેલી ૧૦૮ ની ટીમે સફળ પ્રસુતિ કરાવી કાંગારૂ મધર કેરથી માતા અને બાળક બંનેનો જીવ બચાવી લીધો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, વિરમપુર ૧૦૮ની ટીમને ડિલિવરીનો કોલ મળતા તાત્કાલિક ઈ.એમ.ટી. રાહુલભાઈ અને પાયલટ ભવાનજીભાઈ ઘટના સ્થળે પહોંચ્યા હતા.



ડિલિવરીનો કેસ સરકારી હોસ્પિટલ માંથી રિફર કરેલો હતો.દર્દી બચુબેનને અમીરગઢ તાલુકાના જાંબુ પાણીથી વીરમપુર સરકારી હોસ્પિટલમાં દાખલ થયા હતા. જ્યાં સ્થિતિ એવી હતી કે, બાળકનું માથું ફસાઈ ગયુ હતું. ડિલિવરી કરવી મુશ્કેલ હતી. કેસ ખૂબ જ ક્રિટીકલ હતો. દર્દીની આગળની હિસ્ટ્રી લેતા દર્દીનુ ઊૅમ ખુબજ ઓછું ૮ ટકા હતું અને બાળક તંદુરસ્ત હોવાના કારણે બાળકનું માથુ ડિલિવરીના માર્ગમાં ફસાઈ ગયું હતું.

જેથી આગળ સરકતું ન હતું. ઈએમટી રાહુલભાઈએ અમદાવાદ હેડ ઓફિસની માહિતી પાઈલટ ભવાનજી મહુડિયાની મદદથી બચુબેનની સફળ ડિલિવરી કરાવી બાબાનો જન્મ કરાવ્યો હતો. અને કાંગારૂ મધર કેરથી બંનેનો જીવ બચાવ્યો હતો.

**કાંગારુ મધર કેર એટલે શું**

**બનાસકાંઠા જિલ્લાના સુપરવાઈઝર નીતિન ગોરાદરાએ જણાવ્યું હતું કે, કેસ ગંભીર હતો અને આવા કેસની સંખ્યા ખૂબ જ ઓછી આવતી હોય છે. દર્દીને સારવારની સાથે ્દ્વસ્ઝ ( કાંગારૂ મધર કેર ) જેમાં ઇન્જેક્શન, ઓક્સિજન અને પ્રસુતિ બાદ બાળકને માતાની છાતી સરખે રાખી ટ્રીટમેન્ટ આપવામાં આવતી હોય છે. તે માતા અને બાળક માટે ખુજ ફાયદાકારક હોય છે .**